# આકાશવાણી-ભુજ

## સમાચારવાચક : આરતી ભટ્ટ

## કોમ્પ્યુટરાઈઝડ : સુચિતા ટાંક

**તારીખ- ૧૭-૦૫-૨૦૨૪ સમય-સાંજે-૬.૨૫**

---

## લોકસભા ચુંટણી-ઉમેદવારી પત્રો પરતનો અંતિમ દિવસ :

લોકસભા ચૂંટણીના અંતિમ અને સાતમા તબક્કા માટે આજે ઉમેદવારીપત્રો પરત ખેંચવાનો અંતિમ દિવસ છે.સાતમા તબક્કામાં સાત રાજ્યો અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠકો માટે પહેલી જૂનના રોજ મતદાન થવાનું છે. જેમાં ઉત્તર પ્રદેશ અને પંજાબની 13,પશ્ચિમ બંગાળની 9,બિહારની 8,ઓડિશાની 6,હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની 3 અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક બેઠક પર મતદાન થશે.

**RNU અમદાવાદ**

---

## ચારધામ યાત્રા :

ઉત્તરાખંડ સરકારે ચારધામ યાત્રામાં વીઆઈપી દર્શન પર 31 મે સુધી રોક લગાવી દીધી છે.યાત્રા સુચારુ રૂપથી થઈ શકે એ માટે રાજ્ય સરકારે આ નિર્ણય લીધો છે.આ પૂર્વે સરકારે નોંધણી કર્યા વિના ચારધામની યાત્રા નહીં કરી શકાય તેવા નિર્દેશ જાહેર કર્યા હતા.શ્રદ્ધાળુઓની નોંધણી માટે ચોક્કસ સ્થળોએ કેન્દ્રો ઉભા કરાયા છે.નોંધણી વિના શ્રદ્ધાળુઓ યાત્રા નહીં કરી શકે.ઉલ્લેખનીય છે કે આ વર્ષે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ચારધામની યાત્રાએ પહોંચ્યા છે.આ પૈકી માહિતી ન હોવાથી ઘણા ભાવિકો નોંધણી કર્યા વિના જ યાત્રાએ પહોંચ્યા હતા.

**RNU અમદાવાદ**

---

## જીલ્લા કલેકટર-પ્રીમોન્સુન બેઠક કામગીરી :

કચ્છ જિલ્લા કલેક્ટર અમિત અરોરાના અધ્યક્ષસ્થાને કલેકટર કચેરી ભુજ ખાતે પ્રિ-મોન્સૂન કામગીરી અંતર્ગત પૂર્વ આયોજન અને જરૂરી વ્યવસ્થાઓની તૈયારીઓની સમીક્ષા બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં ઉપસ્થિત સંબંધિત અધિકારીઓને જિલ્લા કલેક્ટરએ ચોમાસા દરમિયાન બચાવ,રાહત તેમજ કંટ્રોલરૂમ શરૂ કરવા, જરૂરી ટીમ તથા સંસાધનો સાથે સજ્જ બનવા, તથા કોઇપણ અઘટિત ઘટના ન બને તે માટે જયાં પણ જરૂરી હોય તે સ્થળે સર્વે કરીને અત્યારથી જ પ્રિવેંશનલ કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી.

જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ચોમાસા દરમિયાન કરવાની થતી કામગીરી અન્વયે જિલ્લા કક્ષાએથી નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે.તાલુકા વહીવટીતંત્ર આ નોડલ અધિકારીઓના માર્ગદર્શનમાં જરૂરી કામગીરીઓ હાથ ધરશે.

**માહિતી ખાતું**

---

## કમોસમી વરસાદ-વીજતંત્રને નુકસાન :

જીલ્લામાં છેલ્લા ત્રણ દિવસથી વાતાવરણમાં આવેલા બદલાવ અને કમોસમી વરસાદ તેમજ વેગીલો પવન ફુંકાતા કચ્છના વીજતંત્રને ફીડરો બંધ થતાં મોટું નુકસાન થયું છે.પશ્ચિમ કચ્છના વિવિધ વિસ્તારોમાં ૫૦ થી વધુ ફીડરો બંધ થઇ જતાં તેના સમારકામ માટે વીજતંત્રની ટીમો કામ કરી રહી છે.

પીજીવીસીએલ-ભુજ સર્કલના જણાવ્યા અનુસાર જ્યોતિગ્રામ યોજનાના પાંચ ફીડરો પૈકીના ચારની ત્વરિત યુધ્ધના ધોરણે સમારકામની કામગીરી કરાઈ હતી.

**NP-આરતી ભટ્ટ**

-------------------------------------------------------------------------------------------

## જીલ્લા જ્ઞાન સહાયકો-કરાર :

કચ્છ સહીત રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણુંક પામેલા જ્ઞાન સહાયકોના કરાર ૮મી મે ના રોજ પૂર્ણ થયા છે.નવા શૈક્ષણિક વર્ષમાં પ્રથમ દિવસે જ જ્ઞાન સહાયકો મળી રહે તે માટે હાલના જ્ઞાન સહાયકો કામગીરીની સમીક્ષા કરી ૧૮મી મે સુધી જીલ્લા કચેરીએ ડીઈઓને રજુ કરવા સુચના આપવામાં આવી છે.આ પ્રમાણપત્રના આધારે જ્ઞાન સહાયકોના કરાર ૧૧ માસ માટે રીન્યુ કરવામાં આવશે.

**NP-આરતી ભટ્ટ**

-------------------------------------------------------------------------------------------

## આરટીઓ-મેન્ટેનન્સની કામગીરી :

ડ્રાઇવિંગ લાયસન્સની સેવાઓ માટેના સારથી પોર્ટલની વેબસાઇટ ઉપર ડેટા બેઝ મેન્ટેનન્સની કામગીરી ચાલુ હોવાથી રાજ્યની આરટીઓ કચેરી ખાતે લર્નિંગ લાયસન્સ તેમજ ડ્રાઇવિંગ લાયસન્સની લગતી સેવાઓ આવતીકાલ તારીખ 18મી મે સવારના દસ વાગ્યા સુધી બંધ રહેશે.તેમ વાહન વ્યવહાર કમિશનરની કચેરીની યાદીમાં જણાવાયું છે.

**RNU અમદાવાદ**

-------------------------------------------------------------------------------------------

## ડેન્ગ્યુ દિવસની ઉજવણી :

ગઈકાલે રાષ્ટ્રીય ડેન્ગ્યુ દિવસની ઉજવણી અંતર્ગત જીલ્લા આરોગ્ય અધિકારી ડો.ફૂલમાલી સાહેબના માર્ગદર્શન હેઠળ રાપર તાલુકાના વિવિધ ૯ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર મધ્યે વિશ્વ ડેન્ગ્યુ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.જેમાં ડેન્ગ્યું થી બચવાના ઉપાયો તેમજ સારવાર સહિતની માહિતી આપવમાં આવી હતી.

**NP-આરતી ભટ્ટ**

---

## <u>ક્રિકેટ :</u>

IPL ક્રિકેટમાં આજે મુંબઈ ઇન્ડિયન્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મુબંઈના વાનખેડે સ્ટેડિયમમાં મેચ રમાશે.

**RNU અમદાવાદ**

---